પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૭ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૭ | ૧૮ ડિસેમ્બર, ૨૦૧૬, રવિવાર ; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો





# પંપોરમાં સેનાના કાફલા પર ત્રાસવાદી હુમલો

## સેનાના ૩ જવાન શહીદ : હુમલામાં અન્ય બે ભારતીય જવાન ઘાયલ : જમ્મુથી શ્રીનગરને જોડનાર હાઈવે પર કાગલાબાદ ખાતે એકાએક હુમલો કરાયો



શ્રીનગર,તા. ૧૭

દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લામાં પંપોરેમાં સૈનિકોના કાફલા પર ત્રાસવાદીઓએ આજે ફરી એકવાર ભીષણ હુમલો કર્યો હતો. જેમાં ત્રણ જવાન શહીદ થયા હતા. જ્યારે અન્ય બે જવાન ઘાયલ થયા હતા. આતંકવાદીઓએ જમ્મુથી શ્રીનગરને જોડનાર નેશનલ હાઈવે પર કાદલાબાદ વિસ્તારમાં હુમલો કર્યો હતો. તે વખતે મોટી સંખ્યામાં લોકો પણ ઉપસ્થિત હતા. એક લશ્કરી અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે પંપોરમાં સેનાના કાફલા પર કરવામાં આવેલા આ હુમલામાં ત્રણ જવાન શહીદ થયા છે. ત્રાસવાદીઓની શોધમાં સર્ચ ઓપરેશન હજુ ચાલી રહ્યું છે. જોકે હજુ સુધી વિસ્તૃત માહિતી મળી શકી નથી. આજે બપોરે પુલવામા જિલ્લાના પંપોર શહેરમાં ત્રાસવાદીઓએ કાદલાબાદ વિસ્તારમાં આ હુમલો કર્યો હતો. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને સર્ચ કામગીરી હાથ ધરી છે. હુમલો કર્યા બાદ ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. સૈનિકોએ પોતાનો બચાવ કર્યો હતો. જોકે જવાબી કાર્યવાહી કરવામાં આવી ન હતી કારણ કે સ્થળ ઉપર મોટી સંખ્યામાં નાગરિકો પણ હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ત્યાગી ૩૦મી સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં

નવી દિલ્હી,તા. ૧૭

ઓગસ્ટા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર સોદાબાજી મામલામાં થયેલા કૌભાંડમાં હવાઈ દળના પૂર્વ પ્રમુખ એસ.પી. ત્યાગીને ૩૦મી ડિસેમ્બર સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. ત્રણેય આરોપીઓને પટીયાલા હાઉસ કોર્ટમાં જામીન માટે અરજી દાખલ કરી દીધી છે. આ અગાઉ આ મામલામાં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે પૂર્વ એર ચીફ માર્શલ એસ.પી. ત્યાગી સહિત ત્રણ લોકોને ૧૪મી સુધી સીબીઆઈના રિમાન્ડ પર મોકલી દેવાનો આદેશ કર્યો હતો.

## બેંક ખાતામાં બે લાખ જમા કરનારની પણ તપાસ કરાશે

**હજુ સુધી જે લોકોના ખાતામાં ક્યારે પણ બે લાખ રૂપિયા જમા ન હતા અને હવે જૂની નોટથી આ ખાતામાં આટલી રકમ જમા થઈ છે તો તેની ચકાસણી**

નવી દિલ્હી, તા.૧૭

આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ જો કોઈ પોતાના બેન્ક ખાતામાં ગેરકાયદે જાહેર કરવામાં આવેલા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની જૂની નોટ મારફતે માત્ર બે લાખ રૂપિયા પણ જમા કરે છે તો ઈન્કમટેક્સ વિભાગની તપાસના ઘેરામાં આવી શકે છે. સરકાર તરફથી જૂની નોટોમાં ૨.૫૦ લાખ રૂપિયા સુધીની રકમ જમા કરવામાં આવ્યા બાદ આટલી રકમ પર કોઈ તપાસ થશે નહીં તેમ માનવામાં આવી રહ્યું હતું પરંતુ હાલમાં વ્યાપક ફરિયાદો મળ્યા બાદ હવે બેંક ખાતામાં બે લાખ રૂપિયા જમા કરનાર લોકોની પણ તપાસ કરવામાં આવશે.

હજુ સુધી જે લોકોના ખાતામાં બે લાખ રૂપિયા ક્યારેય જમા ન હતા અને હવે જુની નોટ મારફતે આટલી રકમ જમા કરવામાં આવી ચુકી છે તે તમામ લોકોના ખાતામાં તપાસ કરવામાં આવનાર છે. આવા લોકો તપાસથી બચી શકશે નહી. હકીકતમાં નોટબંધીના નિર્ણય બાદ લોકો દ્વારા પોતાની પાસે પડેલી રોકડ રકમને ખપાવી દેવા જુદા જુદા પ્રયોગ કરવાની બાબત સપાટી પર આવી રહી હતી. આમાં બીજાના બેંક ખાતાઓના ઉપયોગની બાબત પણ સપાટી પર આવી રહી છે. આ ઉપરાંત કેટલાક લોકો જંગી રકમને ટુંકડામાં વહેચી કાઢીને પણ જંગી રકમ બેંકમાં જમા કરી રહ્યા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંક હવે આ પ્રકારના બેંક ખાતામાં તપાસ કરનાર છે. ત્યારબાદ કોઈ શંકાસ્પદ ગતિવિધી દેખાશે તો તપાસ કરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## જુની કરન્સી નવી નોટમાં નહીં ફેરવાય : જેટલી

**ઉભા થયેલા અંતરને ડિજીટલ કરન્સીથી દુર કરવાનો પ્રયાસ થશે : કેશલેસ ઈકોનોમીને પ્રોત્સાહન આપવાનો મુખ્ય હેતુ : બીજા ઈલેક્ટ્રોનિક માધ્યમોને પ્રોત્સાહન અપાશે : જીએસટી આડે કોઈપણ અડચણ નહીં આવે**

નવી દિલ્હી,તા. ૧૭

નાણામંત્રી અરૂણ જેટલીએ આજે સંકેત આપ્યો હતો કે પ્રતિબંધ મુકવામાં આવેલી કરન્સીના બરોબરની રકમની નોટ બીજી વખત છાપવામાં આવશે નહીં. જેટલીએ કહ્યું હતું કે નોટ બેનના કારણે સરક્યુલેશનથી બહાર થયેલી ૧૫.૪૪ લાખ કરોડની કરન્સીને નવી નોટમાં બદલી દેવામાં આવશે તે બાબત જરૂરી નથી. જેટલીના કહેવા મુજબ ઉભા થયેલા અંતરની ભરપાઈ કરવા માટે ડિજીટલ કરન્સીનો ઉપયોગ કરવામાં આવશે. સ્પષ્ટ છે કે સરકારના પ્રયાસ હવે કેશલેસ ઈકોનોમી ઉભી કરવા માટેનો છે. આવી સ્થિતિમાં ડિજીટલ કરન્સી

● અનુસંધાન પાન-૭ પર




## મોદીના ભ્રષ્ટાચાર પ્રશ્ને માહિતી રાહુલ ક્યારે કરશે : કેજરીવાલ

બેલગામ,તા. ૧૭

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે આજે બીજા દિવસે પણ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. કેજરીવાલે રાહુલ ગાંધીને પ્રશ્ન કરતા કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવરી લેતા પર્સનલ ભ્રષ્ટાચાર અંગેની માહિતી તમે ક્યારે જાહેર કરશો. મોદીને ખુલ્લા પાડી દેવાની માહિતી ક્યારે જાહેર કરાશે તેને લઈને કેજરીવાલે જોરદાર પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. ટ્વીટર ઉપર કેજરીવાલે કહ્યું હતું કે મોદીની પર્સનલ ભ્રષ્ટાચારની માહિતી ક્યારે જાહેર કરવામાં આવી રહી છે. હાલમાં જ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે મોદીના પર્સનલ ભ્રષ્ટાચાર અંગેની

● અનુસંધાન પાન-૭ પર


बैंक ऑफ़ इंडिया
रिश्तों की जमापूंजी

ઝોનલ ઓફિસ :
ગાંધીનગર ઝોન, BOI બિલ્ડીંગ, CSD,
સેક્ટર-૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬
Ph: 079-23222853
Email : zo.gandhinagar@bankofindia.co.in

**કડી શાખાનું સ્થળાંતર**

અમારી કડી શાખાનું નવી જગ્યાએ સ્થળાંતર થઈ રહયું છે.
ઉદ્દઘાટન તા.૧૯-૧૨-૨૦૧૬, સોમવાર

કડી શાખાનું નવી જગ્યાનું સરનામું :
હોલ નં.૧, વાત્સલ્ય એસ્ટેટ શોપિંગ સેન્ટર,
રેલ્વે સ્ટેશન ની બાજુમાં, સ્ટેશન રોડ, કડી-૩૮૨૭૧૫, ગુજરાત

અખિલેશ જલોટા - ઝોનલ મેનેજર - ગાંધીનગર ઝોન

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
ઈન્ફોસીટી●સે.૨૧●ચાંદખેડા●કલોલ●દહેગામ
ટર્મીનલ ઓપરેટર- ૫
ઓફીસ સ્ટાફ- ૭
કોમ્પ્યુટર ઓપરેટર- ૧૦
8000/- to 15000 + પેટ્રોલ + ઈન્સેટીવ
bestboi123@gmail.com
WhatsApp: 9974703401




